ગાંધીનગર સમાચાર





## ૪૩.૨ ડીગ્રી વચ્ચે સીએમ સુઈગામની મુલાકાતે

આજે સમગ્ર ઉત્તર ગુજરાતનો મેગા કૃષિ મહોત્સવનો બનાસકાંઠાના દાંતીવાડામાં મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલના હસ્તે પ્રારંભ થવા પામ્યો હતો. તેમજ કૃષિ મહોત્સવ બાદ મુખ્ય પ્રધાન સહીત રાજ્યના રાજ્ય આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠાના સરહદી તાલુકાના ૨ ગામની મુલાકાત લીધી હતી. જેમાં સુઈ ગામ તાલુકાના મુખ્ય મથક નજીકના ૩ ગામનો પ્રવાસ નક્કી કરાયો હતો જેમાંથી બે ગામોની મુલાકાત મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલ દ્વારા કરાઈ હતી. તેમજ સ્થાનિક કક્ષાએ ચાલતા મનરેગાના કામોની સમીક્ષા કરી હતી. જો કે આજે બનાસકાંઠા જિલ્લાનું તાપમાન ૪૩.૨ ડીગ્રીએ પહોંચ્યું હતું. તેમજ સરહદી વિસ્તારમાં ધૂળની ડમરીઓ વચ્ચે સીએમની મુલાકાતથી સ્થાનિકોમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. આજે મુલાકાત બાદ સીએમ દ્વારા સુઈ ગામ ખાતે જિલ્લાના અધિકારીઓ સાથે સ્થાનિકોને મનરેગાની કામગીરીમાં કોઈપણ પ્રકારની સમસ્યા ન સર્જાય તે માટે ખાસ આહવાન કર્યું હતું.

# પ્રાંતિજમાં ૬૦૦ બીપીએલ કાર્ડ રદ થઈ જતા ગરીબોના અન્ન-પાણી બંધ

પ્રાંતિજ, તા. ૧૩

પ્રાંતિજ ખાતે સરકારી તંત્રના આડેધડ અને ઉતાવળા નિર્ણયોને કારણે પ્રાંતિજ સહિત તાલુકાના ૬૦૦ જેટલા ગરીબી રેખા હેઠળના કાર્ડ રદ થઈ જતાં ગરીબ પ્રજા છેલ્લા બે મહિનાથી ધક્કે ચઢી છે. સરકારી અનાજના જથ્થાથી વંચિત આવા ગરીબો પુનઃ નામ દાખલ કરાવવા માટે એફીડેવીટ,નોટરી, ઝેરોક્ષ અને ઓફિસોના ધક્કા ખાય છે. નાણાં અને સમયનો વ્યય કરી રહ્યા છે. ત્યારે જિલ્લા પુરવઠા અધિકારી ગરીબોને આ હાડમારીમાંથી છૂટકારા માટે ત્વરિત હકારાત્મક વલણ દાખવે તેવી લોક લાગણી પ્રબળ બની છે.

મળતી માહિતી અનુસાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ પહેલી એપ્રિલથી લાગુ કરવા સંદર્ભે સુપ્રિમ કોર્ટે ગુજરાત સરકારને ફટકાર લગાવતા રાજ્યના પુરવઠા તંત્ર દ્વારા ઉતાવળે ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે મેચ કરતા ઓનલાઈન માપદંડો જનરેટ થઈ ઘણા બધાં આવા ગરીબોના નામો પણ કમી થઈ ગયા હતા. આવા ૬૦૦ જેટલા બીપીએલ કાર્ડ પ્રાંતિજ તાલુકામાં રદ થઈ જતા ભારે હોબાળો સર્જાયો છે. આવા કાર્ડધારકો અને દુકાનદારો વચ્ચે ચકમક ઝરવાના બનાવો બને છે એટલું જ નહિ વાસ્તવમાં જે લોકોને આવકનું કોઈ સાધન નથી તેવા બેલીમ શરીફાબીબી જેવા વિધવા સિનિયર સિટિઝનનું નામ કમી થઈ ગયું છે. તો પછી આ કેવા માપદંડોને આધાર બનાવાયા છે. જેનું કોઈ નથી તેવા લોકોના નામ કમી થઈ ગયા તો પછી સુખી માણસોને આ યાદીમાં સમાવાયા છે.

જે હોય તે હાલ તો આ જુની બીપીએલ યાદીવાળા ગરીબો પોતાનું નામ પુનઃ દાખલ કરાવવા માટે અરજીનો નમૂનો મેળવી તેમાં વિગતો ભરી એડીડેવીટ, નોટરી, ઝેરોક્ષના ખર્ચા કરી ધરમના ધક્કા ખાય છે. તો અરજી આપવા છેક ગામના છેવાડે તાલુકાસદન ખાતે રીક્ષા ભાડુ ખર્ચીને પ્રજાના પગારે મોટા સાહેબ બનેલાઓની ઓફિસોના ધક્કા ખાઈ રહ્યા છે. જેના પાછળ આવા ગરીબોને અંદાજે ૪૦૦ રૂપિયા જેટલુ આંધણ થાય છે. તંત્રના વાંકે ગરીબ પ્રજાના નાણાં અને સમયનો વ્યય થાય છે ત્યારે જિલ્લા પુરવઠા અધિકારી સત્વરે હકારાત્મક વલણ દાખવી ગરીબી રેખા હેઠળની પ્રજાને આ એફિડેવિટ અને નોટરીની પ્રક્રિયામાંથી છૂટકારો કરાવે તેવી લોકો લાગણી છે.

અંતે નોંધનીય છે કે મધ્ય વર્ગના એ.પી.એલ કાર્ડ ધારકોનું પણ અનાજ બંધ કરાયું છે તો સરકાર આ કેવુ ફૂડસિક્યોરીટી બિલ લાવી રહી છે.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિ મહોત્સવનો શુભારંભ

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું છે કે, ગુજરાતના ખેડૂતોએ પરંપરાગત ખેતીમાંથી બહાર લાવી વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી અપનાવી છે.



રાજ્ય સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે છે. ઉત્તર ગુજરાતના ખેડૂતોની જરૂરિયાત અને આગેવાનોની લાગણીનો ધ્યાનમાં લઈ આવતીકાલથી ઉત્તર ગુજરાતની નહેરોમાં પાણી છોડવામાં આવશે. આ મહત્વપૂર્ણ જાહેરાતને ઉત્તર ગુજરાતના ખેડૂતો અને આગેવાનોએ ઉત્સાહપૂર્વક વધાવી ખુશી વ્યક્ત કરી હતી.

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિ નગર આયોજીત દાંતીવાડા ખાતે કૃષિ મહોત્સવને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ખુલ્લો મુકતાં જણાવ્યું હતું કે, છેલ્લા દસ વર્ષમાં કૃષિ મહોત્સવના આયોજનથી પરિણામે કૃષિ વિકાસદર ૨ ટકાથી વધીને ૧૨ ટકા થયો છે. સાથોસાથ ખેડૂતોને જરૂરી વૈજ્ઞાનિક ખેત પદ્ધતિની સમજ ખેતરે ખેતરે જઈને આપવા સાથે જરૂરી પાણીની વ્યવસ્થા જુદા જુદા સ્ત્રોતો દ્વારા કરવામાં આવી છે. એટલું જ નહી ગુજરાતના ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનો વિદેશમાં પણ પહોંચે તે માટે તાજેતરમાં અમદાવાદ એરપોર્ટ ખાતે પેરીશીબલ કાર્ગો ખુલ્લો ખુલ્લો મુકવામાં આવ્યો છે તેનો સીધો લાભ ગુજરાતના ખેડૂતોને મળી રહેશે. જેમ ગુજરાતનું દૂધ સમગ્ર વિશ્વમાં જાય છે તેમ ગુજરાતના ફળફૂલ, શાકભાજી તેમજ ખેત ઉત્પાદનો વિદેશમાં પહોંચશે.

## ડીસામાં ૭૦ વર્ષીય આધેડ મહિલાનું દાઝી જવાથી કરૂણ મોત

### મૃતક ચન્દ્રીકાબેન જીવરાની ડીસાના તત્કાલિન તાલુકા હેલ્થ અધિકારી ડૉ. મહેશ જીવરાનીના માતા છે

ડીસા, તા. ૧૩

ડીસાના હાઈવે સ્થિત એમ.એ. પાર્કમાં રહેતા નિવૃત્ત કર્મચારીના પત્ની આજે રહસ્યમય રીતે ગંભીર રીતે દાઝી જતા તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. જો કે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ આધેડ મહિલાના મોત અંગે મૃતકના પુત્ર ગીરીશભાઈ જીવરાનીએ ડીસા ઉત્તર પોલીસમાં ગેસમાં રસોઈ સમયે અકસ્માતથી દાઝીને મૃત્યુ થયાની કેફિયત આપતા પોલીસે એફ.એસ.એલ. મારફતે મોતના કારણોની તપાસ ઉત્તર પોલીસ પીએસઆઈ બારડે કરી છે.

આ કરૂણ ઘટનાની વિગત એવી છે કે ડીસામાં અગાઉ તાલુકા હેલ્થ અધિકારી તરીકે કામ કરતા ડૉ. મહેશભાઈ જીવરાણીના પિતા રતીલાલ જીવરાની પોતાના પુત્રથી અલગ પત્ની ચંદ્રિકાબેન સાથે હાઈવે સ્થિત એમ.એ. પાર્કમાં રહેતા હતા. જેમાં ચંદ્રીકાબેનના પુત્ર ગીરીશભાઈએ ઉત્તર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આ અકસ્માતની વિગતો જાહેર કરી હતી તે જોતા આજરોજ સવારે ૧૦ કલાકે ૭૦ વર્ષીય ચંદ્રિકાબેન રસોઈ બનાવવા જતા હતા અને ગેસથી આગ લાગતા તે દાઝી ગયા હતા. જેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે તેમનું સારવાર દરમ્યાન કરૂણ મોત થયું હતું.

# તલોદના અંબિકાનગર-લહેરીપુરામાં ઉગી નીકેળેલી નકામી વનસ્પતિ અને ગંદકી સામે પ્રજા પરેશાન

તલોદ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ ખાતેની અંબિકાનગર



અને લહેરીપુરા વિસ્તારની દુર્દશા વાળી હાલત જોતાં લાગે છે કે, અહીં ગુજરાત રાજયના 'સ્વચ્છતા અભિયાન'ના ચિંથરેચિંથરા ઉડી રહ્યા છે. અસંખ્ય પ્રમાણમાં ઉગી નીકળેલી નકામી વનસ્પતિ તથા અત્યંત ગંદકીભરી અહિંની ખુલ્લી કેનાલોએ સેંકડો પરિવારોની સલામતીને જાણે કે બાનમાં લીધી હોય તેવી સ્થિતિનું નિર્માણ થવા પામેલ છે. અહિંના જાહેરજન આરોગ્ય માટે અત્યંત જોખમી ભાસતી હાલતને કારણે રહેવાસી પરિવારોની ઊંઘ હરામ થઈ ગઈ છે.

તલોદના વોર્ડ નં. ૬માં આવેલ આ વિસ્તારની ઉગી નીકળેલી નકામી વનસ્પતિ અને ખુલ્લી કેનાલોમાં ભરાયેલા અત્યંત ગંદકીભર્યા પાણીની વણઉકલી સમસ્યા ગત તા. ૮ એપ્રિલ-૨૦૧૬ના રોજ તલોદ ખાતે યોજાયેલ લોકસંવાદસેતુ કાર્યક્રમમાં પણ ન્યાયની દાદ માટે રજૂ કરવામાં આવી હતી. ત્યારે રાજયના મત્સ્ય ઉદ્યોગમંત્રી બચુભાઈ ખાબડ તથા જિલ્લા કલેકટર અને મામલતદારની હાજરીમાં તલોદ નગરપાલિકાના મુખ્ય અધિકારી સતિષ પટેલે ઉક્ત સમસ્યાનું ૧ માસમાં નિરાકરણ આવી જશે તેવી હૈયાધારણ આપી હતી. પરંતુ વિસ્તારના પ્રજાજનોનો દાવો છે કે કોઈપણ પ્રકારની પરિણામલક્ષી કામગીરી પાલિકાએ કરી જ નથી જે દુઃખદ બાબત છે.

આ વિસ્તારમાં બેરોકટોક ફાલી નીકળેલી વનસ્પતિ અને સમયાંતરે તેના છોડમાંથી ઊડતા ''ફુદી' જેવા પદાર્થે અવારનવાર અહીંના રહીશોને ભારે ત્રાહિમામ બનાવી દીધા છે. હાલ આ વિસ્તારની દયનીય હાલત જોતા લાગે છે કે રાજ્ય સરકારનું પ્રજાલક્ષી સફાઈ અને સ્વચ્છતા અભિયાન કેટલાક તંત્રના વાંકે મહદઅંશે સફળ રહેતુ નથી.

તલોદ નગરના વોર્ડ નં. ૬ના આ વિસ્તારની મુલાકાત લઈ જિલ્લા કલેક્ટર, મુખ્ય આરોગ્ય અધિકારી તથા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું તંત્ર પ્રજાની વસમી વેદનાને જાણે-પિછાણે અને પંથકની વણઉકલી સમસ્યાનો તાકિદે નિકાલ લાવે તેવી પંથકના પ્રજાજનોની લાગણી અને માંગણી છે.

તલોદના ઉક્ત વિસ્તારની પ્રદૂષમયુક્ત ગંદકીની આસપાસ



૪૦૦થી વધુ પરિવારો વસવાટ કરે છે. જેઓની આ વસમી વેદના પ્રતિ તંત્ર તત્કાળ દ્દષ્ટિપાત કરે તે અત્યંત આવશ્યક બાબત છે. વિસ્તારના બાળકો, વૃદ્ધો, મહિલાઓ અને રાહદારીઓ માટે પણ ખુલ્લી કેનાલો અને ગંદકીભર્યો માહોલ ભારે જોખમી બની રહ્યો છે.

## પાલનપુરમાં ધરતીકંપના હળવા આંચકા અનુભવતા ફફડાટ

પાલનપુરમાં ગુરૂવારે રાત્રીના ૧૦.૩૦ વાગ્યાની આસપાસ અચાનક જ ધરતીકંપનો હળવો આંચકો ક્ષણીક સમય માટે આવતા શહેરીજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. પાલનપુર શહેરમાં ગુરૂવારે મોડી સાંજે જમી પરવારી શહેરીજનો ઉનાળામાં માર્ગો પર ઠંડી હવાની મજા માણી રહ્યા હતા ત્યારે અચાનક ભુગર્ભમાં જમીન હલતા બાળકો મહિલા અને યુવાનોમાં ભારે ફફડાટની લાગણી પ્રસરી જવા પામી હતી. ધરતીકંપને પગલે સમગ્ર પાલનપુરમાં મકાનો ફલેટોના ધાબા પર સુઈ રહેલા લોકો ગભરાઈને તાબડતોડ નીચે ઉતરી ગયા હતા અને ખુલ્લા મેદાન તરફ દોડી ગયા હતા. બનાસકાંઠાના અમીરગઢ, દાતા, વડગામ સહિતના વિસ્તારમાં ધરતીકંપના આંચકા અનુભવાયા હતા.

## રોલા નજીક ખેતરમાંથી ૧ લાખના પશુઓનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો



મોડાસા, તા. ૧૩

મેઘરજ તાલુકાના રોલા નજીક ચોરી અને છળકપટથી ઢોર તેમજ બકરા પીકઅપ ડાલામાં ભરી કસ્બા નજીક ભાયચંદ સવાભાઈ પરમારના ખેતરમાં ઉતારેલ છે તેવી બાતમી એલસીબીને મળતા એલસીબીએ ખેતરમાં રેડ કરી હતી. રેડ દરમિયાન ખેતરમાંથી પાંચ બકરીઓ જેની કિંમત ૧૦હજાર, ૨ નંગ ભેંસો જેની કિંમત ૫૦હજાર, એક ઘોડો જેની કિંમત ૪૦ હજાર એમ મળી કુલ ૧ લાખનો માલ એલસીબી તથા એસઓજીએ કબ્જે કર્યો હતો. આ ખેતરમાં ઉતારેલ માલ બાબતે રેશીબેનને પુછતા તેમણે જણાવેલ કે ચાંદ ટેકરી મોડાસામાં રહેતા અરીફ ખ્યાલી મુલતાણી તથા હુસેન ઉર્ફે બિલ્લો યાસીન મુલતાની રહે. કઉ કેકડી, તા. મોડાસા તથા અન્ય પાંચએક માણસો પોતાના કબજાના પીકઅપ ડાલામાં લઈ આવી તેમના ખેતરમાં ઉતારી ગયા છે. કબ્જે કરેલ મામલે ઈડર પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

# બાયડની અસહ્ય ટ્રાફિક સમસ્યા વચ્ચે પીસાતી નગરની પ્રજા

બાયડ, તા. ૧૩

બાયડ નગરમાં દિવસે-દિવસે વસતી વધારો થઈ રહ્યો છે. આજુબાજુના ગામડાના લોકો બાળકોને ભણાવવા ધંધો રોજગાર માટે, કોઈને કોઈ કામ માટે બાયડમાં આવવું પડે છે. તો કેટલાક લોકો દ્વારા પોતાની દુકાનો આગળ લારી, પાથરણા તેમજ ગલ્લાવાળા મુકવા માટે માસીક ભાડુ લે છે તે જગ્યા નગરપાલિકાની હોવા છતાં દુકાન માલીકો આવું ખોટુ ફોકટનુ ભાડુ વસુલે છે. ત્યારે બાયડ પોલીસ હપ્તામાંથી ઉંચી આવતી નથી. ટ્રાફીક પોલીસ માત્ર ને માત્ર પોતાનો ગણવેશ પહેરીને પાનના ગલ્લા ઉપર ગપ્પા ગપ્પી કરતા હોય છે. તેઓ ફરજ શું છે એ પણ તે જાણતા નથી. નગરપાલિકા દ્વારા બાયડ નગરના વિકાસ માટે ફૂટપાથ રોડની બંને બાજુએ બનાવ્યા છે. પ્રજાજનો ફૂટપાથ ઉપર શાંતિથી ચાલી શકે અને રોડ ઉપર ન ચાલે તે માટે આમ છતાં ફૂટપાથ ઉપર પણ શાકભાજીની લારી ગલ્લાઓ તેમજ પાથરણાવાળાનો ત્રાસ થઈ ગયો છે.

બાયડ નગરમાં શાકભાજીની લારીઓ, ગલ્લાઓ તેમજ પાથરણા માટે યોગ્ય જગ્યા ફાળવણી કરવામાં આવે તો તે શાંતિથી પોતાનો ધંધો રોજગાર કરી શકે અને રોડ ઉપર ટ્રાફીક નિયંત્રણમાં આવી જાય.

બાયડમાં વારંવાર રોડ ઉપર નવયુવાનો અકસ્માતમાં ભોગ બની રહ્યા હોવા છતાં બાયડની જનતાને રાજકારણીઓ દ્વારા તે સમયે મારેલા તુક્કા ફરતા થઈ જાય છે. બે-ચાર દિવસ પછી બાયપાસની વાત બંધ થઈ જાય છે.

બાયડમાં બાયપાસ માટે માધવકંપાથી બાયડ ગામ તરફ કે બાયડગામથી છેક વાત્રક સુધી ખરાબો નહેરો, નાળા, ગરનાળા જેવી જગ્યા મોટે ભાગે ૭૦ ટકા જેટલી જમીન સરકારની જેમ તેમ પડેલી છે. છતાં સરકારી બાબુઓને ખબર પણ નથી. આ જમીનનો ઉપયોગ કરી બાયપાસ પસાર કરવામાં આવે તો બાયડના રસ્તા ઉપર મનુષ્યનો ભોગ લેવાનું બંધ થશે. પણ હાલ ચિત્ર જોતા દેખાઈ રહ્યું છે કે બાયડમાં બાયપાસ માટે પ્રજાજનો અકસ્માત થાય ત્યારે જાગૃત બની જાય છે અને બીજા દિવસે ખામોશ થઈ જાય છે. આવું પારદર્શક ચિત્ર છે. બાયડ નગરપાલિકાના પ્રમુખ વરૂણ પટેલ દ્વારા લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં રાજ્યના મંત્રી શંકરભાઈ ચૌધરીને બાયપાસ માટે રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં રાજ્યના મંત્રીને બાયડની પ્રજા પ્રત્યે આદર ન હોય તેવું દેખાઈ રહ્યું છે. આ મામલે ગાંધીનગર ખાતેથી યોગ્ય પગલા ભરી બાયડ નગરની પ્રજા માટે બાયપાસ મંજુર કરી આપી બાયડ નગરનો વિકાસ થાય તે ખુબ જરૂરી છે.

# અરવલ્લી જિલ્લામાં કૃષિ મહોત્સવ યોજાશે

અરવલ્લી જિલ્લામાં બે સ્થળોએ કૃષિ મહોત્સવ યોજાનાર છે આથી આ જિલ્લાના ખેડૂતોને ઘર આંગણે કૃષિ, પશુપાલન-બાગાયત તથા અન્ય સરકારી યોજનાઓની માહિતી ઉપલબ્ધ થાય તે હેતુસર જિલ્લામાં આગામી તા. ૧૪-૫-૨૦૧૬ અને ૧૫-૫-૨૦૧૬ના રોજ એચ.પી. ઠાકર વિદ્યાલય, શામળપુર શામળાજી ખાતે ભિલોડા, મોડાસા, મેઘરજ તાલુકાના કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જ્યારે ધનસુરા બાયડ અને માલપુર તાલુકાના ખેડૂતો માટે સહકારીજીન કમ્પાઉન્ડ, ધનસુરા ખાતે તા. ૨૩-૫-૨૦૧૬ અને ૨૪-૫-૨૦૧૬ દરમ્યાન કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

## બાયડના વાસણીરેલ-ઊંટરડાને જોડતા કોજ-વેનું ખાત મુર્હુત કરાયું

બાયડ તાલુકામાં સ્થિત વાસણી અને ઈંટરડાને જોડતા કોજવેનું આજે પૂર્વમુખ્યમંત્રી અને વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના હસ્તે ખાત મુર્હુત કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો આગેવાનો અને ધારાસભ્યો હાજર રહ્યા હતા. બાયડ વિસ્તારમાં આવેલા વાસણીરેલ અને ઊંટરડા નજીકથી પસાર થતી માઝુમ નદી પર કોજ-વે બાંધવા માટે છેલ્લા ૨૦ વર્ષ ઉપરાંતથી સ્થાનિક પ્રજાજનો અને નેતાઓ દ્વારા અવાર નવાર સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી ત્યારે બાયડ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાના પ્રયાસોથી વાસણી રેલ-ઊંટરડાને જોડતો કોજવે બાંધવાની મંજુરી મળ્યા બાદ રૂ. ૧.૫૦ કરોડ પણ મંજુર કરવામાં આવ્યા હતા અને તેનો વર્ક ઓર્ડર પણ અપાઈ ગયો છે.